
સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# તો મન કલ્યાણકારી સંકલ્પવાળું બને

**ધર્મ મર્મ**
શ્રીજીવ વ્યાસ

ભોલેનાથ શિવ શંકરની આરાધના, સાધનાનો શ્રાવણ માસ સમાપનને આરે છે. જન્માષ્ટમી કૃષ્ણ આરાધનાનું પર્વ વીતી ગયું આમ શ્રાવણ 'કૃષ્ણ શિવ'ને ભાવપૂર્વક ભજવાનો અવસર ગણાય છે.

ખાસ કરીને ગુજરાત, રાજસ્થાનમાં વિશાળ જનસમુદાય આરાધ્ય રામદેવ પરના 'નવરાત્ર' તેમ જ જૈનશ્રાવકોના પર્વાધિરાજ પર્યુષણ પર્વનો આ સપ્તાહમાં પ્રારંભ થઈ રહ્યો છે. ભગવાન શિવની અનેકવિધ પ્રકારે ભક્તિ તો ભક્તોએ કરી પરંતુ ભક્તિમાં ભાવ અને દેખાડો કેટલો તેનો સાક્ષી અંતરાત્મા છે અને તેને નકારી ન શકાય એટલે આપણે ભક્તિ કરીએ કે અન્ય કોઈ પણ કાર્ય કરીએ પંચભૂત (આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી) અને અંતરઆત્મા બધું જ જોતા હોય છે એટલા માટે આપણે ભાવશુદ્ધિપૂર્ણ બનવું જોઈએ.પોતાની જાતને સજ્જન, સંસ્કારી માનતા લોકોમાં પણ જો મન શુદ્ધિ નહીં હોય તો સજ્જનતાની આડમાં પાપ કર્મ કરતા રહે છે એટલે આપણે મનમાં સદા સર્વદા સત સંકલ્પ જ કરતા રહેવું જોઈએ. આપણે ત્રિકરણ શુદ્ધિયુક્ત રહેવું જોઈએ. ત્રિકરણ શુદ્ધિ એટલે મન,વાણી, કાયા (કર્મ- ક્રિયા). તમામ ઇન્દ્રિયોમાં આ ત્રણની પ્રધાનતા વધુ છે. આ ત્રણમાં પરસ્પર સહયોગ હોય તો કોઈનું પણ, કોઈ પણ કાર્ય વિના વિઘ્ને પૂરું થાય છે એટલે કે જ્યારે મન, વાણી અને કર્મમાં એકરૂપતા હોય તો કાર્ય પ્રામાણિકતાથી પૂરું કરી શકાય છે. પછી તે કામ સારું હોય કે નરસું હોય. ત્રિકરણ શુદ્ધિ આવશ્યક છે એટલે જ કહેવાય છે -'વચસ્યેકં, મનસ્યેકં, કર્મણ્યેકં મહાત્માનામ'. જે લોકો મનમાં જે કાર્ય કરવાનો સંકલ્પ કરે છે તેને



પોતાનાં વાક્યો-વાણી દ્વારા પ્રગટ કરે છે. વાક્યના રૂપમાં જે કહે છે તેને તે કરી બતાવે છે એવા વ્યક્તિને સત્યવાન કહેવાય છે. તેથી ઊલટું દુષ્ટ લોકો જે વાત કરે છે તેનાથી ઊલટો મનમાં સંકલ્પ કરે છે અને તે સંકલ્પ વિરુદ્ધ કાર્ય કરે છે એટલે આપણે મનમાં હંમેશા સત્ સંકલ્પ કરતા રહેવું જોઈએ એટલે જ શિવપૂજા આરાધનાની એક રીત 'રુદ્રાભિષેક' છે તેમાં શિવજી સમક્ષ 'અષ્ટાધ્યાયી રુદ્રી'ના પાઠ સાથે અભિષેક કરવામાં આવે છે. શુક્લ યજુર્વેદ અંતર્ગત અષ્ટાધ્યાયી રુદ્રીના પહેલા અધ્યાયના પાંચ થી દશ સુધીના છ મંત્રો 'શિવસંકલ્પ સુક્ત' તરીકે ઓળખાય છે કેમ કે તે દરેક મંત્રના અંતમાં 'તન્મે મનઃ શિવસંકલ્પમસ્તુ' આવે છે. એ છ મંત્રોનો ભાવાર્થ એવો છે કે,

* આપણા મનની શક્તિ અનંત છે. તે જાગૃત અને સુષુપ્ત અવસ્થામાં પણ હંમેશાં કાર્યરત જ રહે છે. તે જ્યોતિ સ્વરૂપ છે પરંતુ મલિનતાઓના આવરણથી ઢંકાયેલું છે એટલા માટે આપણું મન શુભ અને કલ્યાણદાયક વિચારવાળું બનો.
* મન દ્વારા જ પારલૌકિક સાધન તથા લૌકિક સુખ પ્રાપ્ત થાય છે. આ પ્રાણી માત્રની અંદર સમાયેલું છે એટલા માટે આપણું મન શુભ અને કલ્યાણકારી વિચારોમાં હંમેશાં કાર્યરત રહે.
* શ્રેષ્ઠ જ્ઞાન, ચિંતનશીલતા તથા ધીરજ વગેરે સદગુણોનું સ્ત્રોત આપણું મન છે તે અંધકારમાં એટલે કે દુષ્કર્મ તરફ ન ખેંચાય એટલા માટે આપણું મન શુભ અને કલ્યાણકારી વિચારોવાળું બને.
* જે યોગસાધના દ્વારા ભૂતકાળ, ભવિષ્યકાળ અને વર્તમાનકાળનું અવિનાશી જ્ઞાન પ્રાપ્ત કરે છે, જેનાથી જીવન યજ્ઞનાં બધાં કાર્યો વિધિસર પૂરાં થાય છે તે આપણું મન શુભ અને કલ્યાણકારી વિચારોવાળું બનો.
* હે મનુષ્ય, તમારા મન પવિત્ર બનો અંતઃકરણ, ધર્મ અને સદાચરણથી પવિત્ર થાઓ કે જેથી બ્રહ્મવિદ્યા અને વ્યવહારિક જ્ઞાન પ્રાપ્ત કરી શકો.
* દશ ઘોડાવાળા રથનો સારથિ જેવી રીતે પોતાના ઘોડાઓને વશમાં કરીને ચાલે છે તેવી રીતે હે મનુષ્ય, તમે પણ તમારા મન દ્વારા દસેય ઇન્દ્રિયોને તમારા કાબૂમાં રાખો તેમ જ તમારું મન કલ્યાણકારી સંકલ્પવાળું બનો.

મનનું સ્થાન મહત્ત્વનું છે જો મન નિર્મલ હોય અને અધ્યાત્મિક માર્ગ તરફ વળેલું હોય તો ઇન્દ્રિયો પણ વશમાં રહે છે એટલે સત્સંગ, આરાધના, સાધના, જપ, સારાં પુસ્તકોનું પઠન, મનન, સંતો- મહાત્માઓનાં બોધવચનો સાંભળવાની આદત હશે તો મન સૌથી પહેલું શુદ્ધ બનશે અને કલ્યાણકારી વિચારોવાળું બનશે. તમે પૂજા-ભક્તિ જપ, માળા કેટલા કલાક કે કેટલી વખત કરો છો તે કરતાં કેટલી માનસિક સ્થિરતા અને ભાવથી કરો છો તે મહત્ત્વનું છે. 'ઇદં ન મમ.'

**ત્રિકરણ શુદ્ધિ એટલે મન, વાણી, કાયા. તમામ ઇન્દ્રિયોમાં આ ત્રણની પ્રધાનતા વધુ છે. આ ત્રણમાં પરસ્પર સહયોગ હોય તો કોઇનું પણ, કોઇ પણ કાર્ય વિના વિઘ્ને પૂરું થાય છે એટલે કે જ્યારે મન, વાણી અને કર્મમાં એકરૂપતા હોય તો કાર્ય પ્રામાણિકતાથી પૂરું કરી શકાય છે**

# યુધ્ધના અંત તરફ

**માધવ મલ્હાર**
તપન ત્રિવેદી

અને માધવ મલ્હાર થઇ મારા ચિદાકાશમાં ઉમટી પડયો. મને મહાભારતના કૃષ્ણ યાદ આવી ગયા. તેઓ યુધ્ધ થશે જ એમ જાણતા હોવા છતાં યુધ્ધ રોકવાના તેમણે ઘણા પ્રયાસો કર્યા પણ તેમને સફળતા ન મળી. આખરે મહાભારતનું યુધ્ધ થયું જેની ફળશ્રુતિ વિનાશ જ રહી. હાલ વિશ્વમાં પણ યુધ્ધનું વાતાવરણ ફેલાયેલું છે. તેમાં ભારતના વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ યુધ્ધનો અંત લાવવા જે અપીલ કરી તે મારા હૃદયને ઘણી સ્પર્શી ગઇ. રશિયન પ્રમુખ વ્લાદિમિર પુતિનને 'અંતહીન યુધ્ધમાંથી યુધ્ધના અંત તરફ' આગળ વધવા અપીલ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે ''યુધ્ધનો દરેક દિવસ માનવતાને પાછળ ધકેલે છે, જ્યારે શાંતિ તરફનું દરેક પગલું નવી આશા અને ઉત્સાહ આપે છે.''

સાચે જ વિશ્વ શાંતિનો આ મૂળ સ્રોત છે. યુધ્ધ એ કાયરતા છે. યુધ્ધ વિનાશ-મહાવિનાશ છે. માનવતાનો સંપૂર્ણ અભાવ છે. માણસ જો માનવતાથી મહેકતો હોય, સભર હોય તો તેને યુધ્ધનો કદી વિચાર જ ન આવે. 'સંપ ત્યાં જંપ' એ કહેવત પ્રચલિત છે. આ સંપ ત્યારે જ આવે, જ્યારે માણસમાં સ્નેહ, સદ્ભાવ, સંવેદનશીલતા, સહૃદયતા હોય. એ માટે જીવનમાં આધ્યાત્મિકતા અને ઇશ્વરપરાયણતા હોય. જતું કરવાની ભાવના હોય. રામાયણ આ વાતની સાક્ષી પૂરે છે. રાજગાદી પર બેસવાની ક્ષણે રામે વનવાસ જવું પડયું. સાથે સીતા પણ પતિની પાછળ ચાલી નીકળી. એટલું જ નહીં, લક્ષ્મણે પણ રાજપાટ છોડી મોટા ભાઇ સાથે વનવાસ સ્વીકાર્યો. ભરતે પણ રાજગાદીનો અસ્વીકાર કર્યો એટલું જ નહીં રાજગાદી પર પાદુકા પધરાવી. ચારેય ભાઇઓએ લગ્ન કરીને હજી હમણાં જ પોતાની નવોઢાઓ સાથે રાજમહેલમાં પદાર્પણ કર્યું હતું પણ સમયના ગર્ભમાં શું છુપાયેલું છે તેની કોઇને ખબર નથી હોતી. ક્ષણોમાં જ વનવાસ આવી પડયો. રામે ધાર્યું હોત તો પિતા સામે માતા કૈકેયી સામે થઇ શકયા હોત પણ ના, રાજપાટ જતાં કર્યાં.



વૈશ્વિક સ્તરે યુધ્ધની વિકટ પરિસ્થિતિ સર્જાઇ છે પણ વિશ્વનો પ્રત્યેક નાગરિક માનવતાને મહેકાવે. શાંતિનો વિચાર પણ કરે તો યુધ્ધ અટકી શકે છે. યુધ્ધ સૌ પ્રથમ તો માણસના મનમાં ઉદ્ભવે છે અને પછી તે બહાર ફેલાય છે. એ ફલક માનવમનથી માંડીને વિશ્વના વિશાળ ફલક પર વિસ્તરે છે ત્યારે વડા પ્રધાન નરેન્દ્ર મોદીની યુધ્ધના અંત તરફ આગળ વધવાની અપીલ સમયોચિત છે. વૈશ્વિક છે.

ભારતીય પરંપરામાં 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાનું મહત્ત્વ છે. સમસ્ત વિશ્વ એક કુટુંબ છે એ વિચાર, એ ભાવના જ કેટલી દિવ્ય અને ભવ્ય લાગે છે. પ્રત્યેક માનવી આ વાતને જીવનમાં ઉતારે તો જીવનમાં સુખ, શાંતિ, આનંદ હાથવેંતમાં જ છે. સાંપ્રત સમયમાં આ વાત કોઇ સ્વીકારવા જ તૈયાર નથી. પ્રત્યેક માનવના હૃદયમાં પ્રતિપળ યુધ્ધ સર્જાતું જ રહે છે. પ્રત્યેક પરિવારમાં યુધ્ધ જેવી વિષમ પરિસ્થિતિ સર્જાતી રહે છે. એના નિવારણ માટે આધ્યાત્મિક અભિગમ અને ઇશ્વરપરાયણતા જરૂરી જ નહીં, અનિવાર્ય છે. માનવમન બહુ સંકુચિત થતાં જાય છે. ક્ષુલ્લકતામાં સરતાં જાય છે. કોઇ કોઇનું હિત ઇચ્છતું જ નથી. સગાં ભાઇ-બહેનોમાં પણ આત્મીયતા નથી. કોઇનામાં સમર્પણની ભાવના નથી. આથી ભાઇ-ભાઇ વચ્ચે, ભાઇ-બહેનો વચ્ચે, પિતા-પુત્ર વચ્ચે, સાસુ-વહુ-નણંદ-દેરાણી- જેઠાણી વચ્ચે સતત તનાવભરી સ્થિતિ સર્જાતી રહે છે. અનેક ક્ષેત્રની અનેક સંસ્થાઓમાં પણ એક કર્મચારી અન્યની પ્રગતિ, સફળતા સહન કરી શકતો નથી. આથી તેઓનાં વાણી-વર્તન, વ્યવહારમાં જે કટુતા, વૈમનસ્ય સર્જાય છે તે પણ એક પ્રકારનું યુધ્ધ જ છે ને!

યુધ્ધના અંત તરફ જવાનો ઉપાય મહાભારતમાં કૃષ્ણ પાસેથી મળે જ છે. તેઓ જ્યારે શાંતિદૂત બની કૌરવો પાસે ગયા ત્યારે દુર્યોધને તેમનું ભયંકર અપમાન કર્યું. તેમણે પાંડવોને પાંચ ગામ આપવાનો પ્રસ્તાવ મૂકયો ત્યારે દુર્યોધને તો એક સોયના નાકા જેટલી પણ જગ્યા આપવાનો ઇનકાર કર્યો પરિણામે યુધ્ધ થયું. કૃષ્ણના પાંચ ગામ આપવાના પ્રસ્તાવને લઇને ચાલીએ તો જે જેનું છે તેને તેનું મળવું જ જોઇએ. તેનો હક છે. એ હક હડપ કરવાની વાત આવે છે ત્યારે યુધ્ધ નિશ્ચિત બની જાય છે. યુધ્ધ થાય છે ત્યારે એમાંથી વિનાશ સિવાય કશું જ મળતું નથી. યુધ્ધની પશ્ચાતવર્તી અસરો ઘણી ભયાનક હોય છે. એ આપણી આવનારી પેઢીને પણ નુકસાનકર્તા બની રહે છે. આથી આપણાં શાસ્ત્રોમાં સ્નેહ, સદ્ભાવ, સહૃદયતા, સંવેદનશીલતા, આત્મીયતા, જતું કરવાની ભાવના, સમર્પણ અને ભગવદ્ ભક્તિનો જે મહિમા આલેખાયો છે તેને અનુસરવું જરૂરી છે. માત્ર મંદિરે દર્શન કરવાથી, પલાંઠી વાળીને માળા કરવા ઉપરાંત કોઇ જરૂરતમંદને મદદ કરવાથી, કોઇના હૈયાની વેદનાને ઝીલવાનો મોકો સ્વીકારી લઇએ તો ઇશ્વર રાજી થાય. આ ને આવા સદ્ભાવ વિના દર્શન-માળાની ક્રિયા કેવળ સ્થૂળ ક્રિયા જ બની રહે છે.

એ માણસને યુધ્ધના અંત તરફ નહીં લઇ જાય. માણસ માણસ વચ્ચેની આત્મીયતા અને સ્નેહ જ યુધ્ધના અંત તરફ લઇ જશે.

**ભારતીય પરંપરામાં 'વસુધૈવ કુટુંબકમ્'ની ભાવનાનું મહત્ત્વ છે. સમસ્ત વિશ્વ એક કુટુંબ છે એ વિચાર, એ ભાવના જ કેટલી દિવ્ય અને ભવ્ય લાગે છે. પ્રત્યેક માનવી આ વાતને જીવનમાં ઉતારે તો જીવનમાં સુખ, શાંતિ, આનંદ હાથવેંતમાં જ છે**